ViMAX

# We Help to Maximize Farm Productivity



આપને જણાવતા આનંદ અનુંભવીયે છીએ કે **વિમેક્સ ક્રોપ સાયન્સ લીમીટેડ** ભારતીય ખેડુતોની ખેત ઉત્પાદકતા વધારવામાં મદદ રૂપ થવાના ઉમદા ધ્યેયથી પોતાની કામગીરી આગળ વધારી રહી છે.

કંપનીની વિચારધારા પ્રમાણે ખેત ઉત્પાદકતા વધારવામાં મદદ રૂપ થવા ખેતીને લગતી ઉચ્ચ ગુણવત્તા યુક્ત જરૂરી જંતુનાશક, ફુગનાશક, નિંદામણનાશક તેમજ બાયો ઓર્ગેનિક દવાઓ અને ખાતરો કીફાયતી દરે ખેડુતો સુધી પહોચાડવાનો છે. જેથી ખેડુતોને સંપૂર્ણ પાક સંરક્ષણ દ્વારા વધારે સારી ઉપજ અને વધારે આર્થીક લાભ મળે. કંપની દર વર્ષે જુદા-જુદા પાકની પાક સંરક્ષણ તથા ગુણવત્તા યુક્ત ઉત્પાદનની જરૂરીયાતને ધ્યાનમાં રાખી નવી-નવી જંતુનાશકો, ફુગનાશકો, નિંદામણનાશકો, માઈક્રોન્યુટ્રિયન્ટ, બાયોફર્ટીલાઈઝર તેમજ બાયો ઓર્ગેનિક દવાઓ બજારમાં લાવવા માટે કટીબધ્ધ છે.

કંપનીના દરેક કાર્યકરો કંપનીના ઉમદા ધ્યેયને ધ્યામાં રાખી ખેડુતોને પ્રમાણીક નિરાકરણ તથા ઉચ્ચ ગુણવત્તા યુક્ત કૃષિ રસાયણો પહોચાડવા સદાયે તત્પર છે. ખેત પેદાશોની ઉત્પાદક્તા વધારવાની સાથે ખેડુતોની પણ સમૃદ્ધિ વધે એ માટે કંપની સતત પ્રયત્ન શીલ રહેશે. આપનો વિશ્વાસ અને અમારા ઉત્પાદનની ગુણવત્તા એજ કૃષિ સમૃદ્ધિ તરફની દોટ...






## મોનોસીપ

મોનોક્રોટોફોસ ૩૬% એસ.એલ., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૫૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * તે સક્રિય મોનોક્રોટોફોસ પર આધારિત ઓર્ગેનોફોસ્ફેટ સમૂહનું જંતુનાશક છે.
* તે આંતરપ્રવાહી અને સસર્ગ પ્રભાવી જંતુનાશક છે.
* તેમાં સાયક્લો હેકઝાનોન મુખ્ય ઘટક છે.
* તે ચૂસિયા પ્રકારની જીવાતો જેવી કે થ્રિપ્સ, મીલીબગ, તડતડીયા, મોલોમશીનું અસરકારક નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર

## કિંગમૅક્સ

એસીફેટ ૭૫% એસ.પી., જંતુનાશક

પ્રમાણ : ૧૫૦ થી ૨૫૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * એસિફેટ સકિંય તત્ત્વ પર આધારિત ઓર્ગેનોફોસ્ફેટ સમુહનું જંતુનાશક છે.
* કિંગમૅક્સ આંતર પ્રવાહી તેમજ સ્પર્શજન્ય ઝેર તરીકે કામ કરે છે.
* કિંગમૅક્સ લીલા તડતડીયા, સફેદમાખી, મોલોમશી, થ્રિપ્સ તેમજ જીંડવાની ઇયળોને સંપૂર્ણ નિયંત્રણમાં રાખે છે.
* ઇંડાનાશકનો ગુણધર્મ હોવાથી અન્ય જંતુનાશક કરતા વધુ પ્રભાવશાલી છે.

પેકીંગ : ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કીલો







## વી-મિડા

ઇમિડાક્લોપ્રીડ ૧૭.૮% એસ.એલ., જંતુનાશક

પ્રમાણ : ૫૦ થી ૧૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વી-મિડા નિયોનિકોટીનોઇડ વર્ગનું સર્વોત્તમ જંતુનાશક.
* તીવ્ર આંતરપ્રવાહી હોવાથી છંટકાવ પછી તરતજ આખા છોડમાં ફેલાય જાય છે અને ચૂસીયા જીવાતો (મોલોમશી, તડતડિયા, થ્રિપ્સ) નું અસરકારક નિયંત્રણ કરે છે.
* ચૂસિયા જીવાતોના સચોટ નિયંત્રણમાં પરિણામે છોડ પર વધુ ફુલ, સારા જીંડવા અને ઉત્પાદનમાં વધારો કરે છે.
* લાંબા ગાળાનું રક્ષણ આપતું હોવાથી છંટકાવની ઓછી સંખ્યા અને ખર્ચમાં ઘટાડો થાય છે.
* ઉધઈના નિયંત્રણમાં પણ વાપરી શકાય છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર

## મેક્સમિડા

ઇમિડાક્લોપ્રીડ ૩૦.૫% એસ.સી., જંતુનાશક

પ્રમાણ : ૫૦ થી ૭૫ મીલી પ્રતિ એકર

ફાયદા : * મેક્સમિડા એક નવાજ પ્રકારનું ઇમિડાક્લોપ્રીડનું સંયોજન છે.
* મેક્સમિડા દરેક પાક માં આવતી ચૂસિયા પ્રકારની જીવાત જેવી કે મોલોમશી, તડતડીયા, થ્રિપ્સ વગેરેનું સચોટ અને લાંબા ગાળાનું નિયંત્રણ આપે છે.
* મેક્સમિડા ઉધઈના અસરકારક અને લાંબા સમયના નિયંત્રણ માટે પણ ઉપયોગી છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર







## એન્ડોવીન

એન્ડોસલ્ફાન ૩૫% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૬૦૦ થી ૮૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * એન્ડોવીન બહુફલકવાળુ જંતુનાશક છે.
* એન્ડોવીન કથીરીનાશક તરીકે પણ કામ કરે છે.
* એન્ડોવીન જઠરજન્ય તથા સ્પર્શજન્ય ઝેર તરીકે કામ કરે છે.
* એન્ડોવીન પરોપજીવી અને પરભક્ષી માટે સલામત છે.
* એન્ડોવીન પાકમાં આવતી જીવાતો જેવીકે લીલા તડતડીયા, મોલોમશી, પાનવાળનારી ઈયળ તેમજ જીંડવાની ઈયળોનું અસરકારક નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર




## વીરમેટ

ક્લોરોપાયરીફોસ ૨૦% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૫૦૦ થી ૧૨૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીરમેટ ક્લોરોપાયરીફોસ સક્રિય તત્ત્વ ધરાવતું ઓર્ગેનોફોસ્ફેટ સમુહનું જંતુનાશક છે.
* વીરમેટ ત્રણ રીતે અસર કરે છે. સ્પર્શજન્ય ઝેર, પેટનું ઝેર તેમજ ગેસ રૂપી ઝેર થી જીવાતોને મારે છે.
* વીરમેટ જીંડવાની ઈયળોને અસરકારક રીતે નિયંત્રણમાં રાખે છે.
* વીરમેટ ઉધઇનું પણ અસરકારક નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## વિસ્ટા

ક્વીનાલફોસ ૨૫% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૬૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વિસ્ટા એ ક્વીનાલફોસ આધારિત સ્પર્શજન્ય તથા જઠરજન્ય પ્રકારનું જંતુનાશક છે.
* વિસ્ટા એ યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય સમયે છંટકાવ કરવાથી તુરંતજ ઇયળોનો નાશ થાય છે.
* વિસ્ટા એ લીલી ઇયળો, પાન ખાનારી ઇયળો, ફળ કોરી ખાનારી ઇયળો ના નિયંત્રણ માટે આદર્શ છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મલી, ૧ લીટર, ૫ લીટર




## મૅક્સક્રોન

પ્રોફેનોફોસ ૫૦% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૫૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * મૅક્સક્રોન એ પાનની આરપારની અસર, સ્પર્શજન્ય અને જઠરજન્ય અસર દ્વારા જીવાતનું નિયંત્રણ કરે છે.
* મૅક્સક્રોન એ ચૂસિયા પ્રકારની જીવાતો જેવીકે મોલોમશી, તડતડીયા, થ્રિપ્સ, સફેદ માખી તેમજ મીલીબગનું નિયંત્રણ કરે છે.
* મૅક્સક્રોન વરસાદમાં સહેલાઈથી ધોવાઈજતું નથી.
* મૅક્સક્રોન ઉપયોગી જીવાતો માટે સરખામણીમાં સલામત (આઈ.પી.એમ.) હોવાથી લાભકારક જીવાતો માટે સલામત છે.
* મૅક્સક્રોન એ ઉત્કૃષ્ઠ ઇંડાનાશક ગુણધર્મ ધરાવે છે.

પેકીંગ : ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર




## મૅક્સ કિલ

સાયપરમેથ્રીન ૨૫% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૧૫૦ થી ૨૫૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * મૅક્સ કિલ એ અત્યંત શક્તિશાળી સિન્થેટીક પાયરેથ્રોઇડ જંતુનાશક છે.
* મૅક્સ કિલ તુરંત જીવાતોને મારી નાખે છે.
* મૅક્સ કિલ સ્પર્શજન્ય અને પેટના ઝેર તરીકે કામ કરે છે.
* મૅક્સ કિલની અસરકારકતા સૂર્યના તાપથી ઓછી થતી નથી તેમજ વરસાદથી ધોવાઈ જતું નથી તેથી છોડપર તેની અસર લાંબા સમય સુધી રહી શકે છે.
* મૅક્સ કિલ લીલી ઇયળ, લશ્કરી ઇયળ, ગુલાબી ઇયળ અને હીરાફુદુ જેવી જીવાતોનું અસરકારક નિયંત્રણ કરે છે.
* મૅક્સ કિલ તેના ઓછા પ્રમાણ અને લાંબી અસરકારતાના લીધે તદ્દન કીફાયતી છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## રિકો

લેમ્બડા સાયહેલોથ્રીન ૫% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૪૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * રિકો નવી પેઢીનું સિન્થેટીક પાયરેથ્રોઇડ, જીવાતોમાં પ્રતિકાર ક્ષમતા વિકાસતી નથી.
* રિકો ત્વરિત અસર અને વધુ મારણશક્તિના પરિણામે ઓછુ નુકસાન અને ખર્ચમાં ઘટાડો.
* રિકો પાન વાળનારી ઇયળ, થડ છેદક, ગુલાબી ઇયળ, થ્રીપ્સ તેમજ ચૂસીયા જીવાતોનું અસરકારક નિયંત્રણ કરે છે.
* રિકો પાકની કોઈપણ અવસ્થાએ ભલામણ છે.
* રિકો ગુલાબી ઇયળનું અસરકારક નિયંત્રણ કરે છે જેથી કપાસના તારની ગુણવત્તા સારી અને બજારમાં ઉંચા ભાવ મળે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર




## વિઝેન્ટ

ફિપ્રોનીલ ૫% એસ.સી., જંતુનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વિઝેન્ટ એ અત્યંત અસરકારક બહુ ફલક અસર ધરાવતું જંતુનાશક છે.
* વિઝેન્ટ એ મુખ્યત્વે ઇયળ વર્ગ તથા થ્રિપ્સ જેવી જીવાતો સામે અસરકારક છે.
* વિઝેન્ટ એ ઉધઈનું પણ અસરકારક નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર

## ક્રાયવેપ

ડાયક્લોરોવોશ ૭૬% એસ.એલ., જંતુનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * ક્રાયવેપ એ ધ્રૂમિકરણ અસર ધરાવતુ હોવાથી છુપાયેલી જીવાતોનું પણ અસરકારક નિયંત્રણ કરે છે.
* ક્રાયવેપ જીવાતોને તત્કાલ તોડી પાડે છે.
* ક્રાયવેપ જ્યારે જીવાતોનો ઉપદ્રવ એકદમ વધી ચુકેલ જણાવ ત્યારે સ્પર્શજન્ય તથા જઠરજન્ય ઝેર સાથે મિશ્રણ કરી છંટકાવ કરવાથી જીવાતોના ઉપદ્રવને નિયંત્રણમાં લઈ શકાય છે.
* ક્રાયવેપ એ ગેસ આધારીત જંતુનાશક હોવાથી ગોડાઉનમાં છુપયેલી જીવાતોના નિયંત્રણમાં પણ ઉપયોગી છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર







## વીથીયૉન

ઇથીયોન ૫૦% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૬૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીથીયૉન એ ઓર્ગેનોફોસ્ફેટ સમુહનું જંતુનાશક છે.
* વીથીયૉન એ થ્રિપ્સ, સફેદ માખી તેમજ પાન ક્થીરી જેવી હઠીલી જીવાતોનું નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર


## સ્ટોના

એસિટામિપ્રીડ ૨૦% એસ.પી., જંતુનાશક

પ્રમાણ : ૬૦ થી ૮૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * સ્ટોના તેના ટ્રાન્સલેમીનાર ગુણધર્મના કારણે છોડના કોઈપણ ભાગમાં છુપયેલી જીવાતોનું અસરકારક નિયંત્રણ કરે છે.
* સ્ટોના ઇંડાનાશક ગુણર્ધના કારણે ચૂસિયા જીવાતોના ઇંડાઓનો નાશ કરે છે.
* સ્ટોના મોલોમશી, લીલા તડતડીયા, થ્રિપ્સ તેમજ સફેદમાખીના અસરકારક નિયંત્રણ માટે એક ઉત્તમ જંતુનાશક છે.
* સ્ટોના નિયોનિકોટીનોઇડ ગ્રુપનું જંતુનાશક હોવાથી તેની અસરકારકતા લાંબા સમય સુધી રહે છે.

પેકીંગ : ૫૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિલો







## મેક્સતારા

થાયોમેથોક્સામ ૨૫% ડબ્લ્યૂ.જી., જંતુનાશક

પ્રમાણ : ૪૦ થી ૬૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * મેક્સતારા એ બહુઉપયોગી આંતરપ્રવાહી જંતુનાશક છે.
* મેક્સતારા ટ્રાન્સલેમીનારના ગુણધર્મને લીધે છુપાયેલી જીવાતોને મારવામાં સહાયતા કરે છે.
* મેક્સતારા કપાસમાં આવતી મોલોમશી, તડતડીયા તેમજ સફેદ માખીનું લાંબા ગાળા માટે સચોટ નિયંત્રણ કરે છે.
* મેક્સતારા ડાંગરામાં આવતા ભૂખરા ચૂસિયા, પાનના લીલા ચૂસિયાનું લાંબા ગાળાનું નિયંત્રણ કરે છે.
* મેક્સતારા બીજાપાક જેવાકે કેરી, મરચા, મગફળી તેમજ અન્ય શાકભાજીમાં ચૂસિયા જીવાત માટે ભલામણ પાત્ર છે.

પ્રમાણ : ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ




## મૅક્સક્રોન સુપર

પ્રોફેનોફોસ ૪૦% + સાયપરમેથ્રીન ૪% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૬૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * મૅક્સક્રોન સુપર આંતર રાષ્ટ્રીય કક્ષાનું ઉત્તમ જંતુનાશક છે.
* મૅક્સક્રોન સુપર પાનની બન્ને બાજુ પ્રસરવાની શક્તિને કારણે વરસાદમાં સરળતાથી ધોવાતું નથી.
* મૅક્સક્રોન સુપર લીલી ઇયળો અને પાન ખાનારી ઇયળોનું ઉત્તમ નિયંત્રણ કરે છે.
* મૅક્સક્રોન સુપર ચૂસિયા પ્રકારની જીવાતો જેવી કે મોલોમશી, તડતડીયા, થ્રિપ્સ, સફેદ માખી તેમજ મીલીબગ્સ નું નિયંત્રણ કરે છે.
* મૅક્સક્રોન સુપર ઉત્તમ ઇંડા નાશક છે.
* મૅક્સક્રોન સુપર ઉપયોગી જીવાતોને નુક્સાન કરતું નથી.
* મૅક્સક્રોન સુપર એટલે તંદુરસ્ત પાક, વધુ ફુલ, વધુ તંદુરસ્ત જીંડવા, વધુ ઉત્પાદન.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## વીરમેટ પ્લસ

ક્લોરપાયરીફોસ ૫૦% + સાયપરમેથ્રીન ૫% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૫૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીરમેટ પ્લસ સ્પર્શજન્ય, જઠરજન્ય ઝેર તેમજ ગેસ દ્વારા પાકના ચૂસિયા તેમજ જીંડવાની ઇયળોનું નિયંત્રણ કરે છે.
* વીરમેટ પ્લસ જીવાતોને ઝડપથી મારી લાંબા સમયસુધી સુરક્ષા પુરી પાડે છે.
* વીરમેટ પ્લસ જીવાતોની પ્રતિકાર શક્તિ તોડવામાં મદદ કરે છે.
* વીરમેટ પ્લસ ઇયળોની દરેક અવસ્થાપર નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## વીનડોક્સા

ઇંડોક્સાકાર્બ ૧૪.૫% એસ.સી., જંતુનાશક

પ્રમાણ : ૨૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીનડોક્સા લીલ ઈયળની દરેક અવસ્થા પર અસરકારક છે.
* વીનડોક્સા છંટકાવ બાદ ઈયળોનું ચાર કલાક સુધીમાં નુક્સાન બંધ થાય છે તથા ૭ થી ૧૦ દિવસ સુધી નિયંત્રણ રહે છે. જેથી છંટકાવની સંખ્યા ઘટે છે.
* વીનડોક્સા વરસાદમાં સરળતાથી ધોવાતું નથી.
* વીનડોક્સા ઉંચા તાપમાનમાં પણ અસરકારક રહે છે, જેથી દિવસના કોઈ પણ સમયે છંટકાવ કરી શકાય છે.
* વીનડોક્સા આઈ.પી.એમ. કાર્યક્રમ માટે શક્ષમ છે.

પેકીંગ : ૨૦૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## નોવા મૅક્સ

નોવેલ્યૂરોન ૧૦% ઈ.સી., જંતુનાશક

પ્રમાણ : ૩૦૦ થી ૪૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * નોવા મૅક્સ એક વ્યાપક માળખાનું સંપર્ક અને જઠરીય જંતુનાશક છે.
* નોવા મૅક્સ લશ્કરી ઈયળ, લીલ ઈયળ, લીફ માનર, સફેદ માખી માટે ઘણા દેશોમાં કપાસ, બટાટા, સૂરજમુખી જેવા પાક પર ઘણું અસરકારક છે.
* નોવા મૅક્સ ના છંટકાવ બાદ ઈયળ ૨ થી ૩ કલાકમાં ખોરાક લેવાનું બંદ કરે છે અને ૨ થી ૩ દિવસમાં મરી જાય છે જેથી પાકને થતુ નુક્સાન જલ્દી બંદ કરે છે.
* નોવા મૅક્સ ઈયળના દરેક તબક્કે અસરકારક છે.
* નોવા મૅક્સ ઉપયોગી જીવાત અને પ્રયોગ કરનારાઓ માટે સુરક્ષીત છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી




## વેગન

ઇમામેક્ટિન બેન્જોયેટ ૫% એસ.જી., જંતુનાશક

પ્રમાણ : ૧૦૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * વેગન એ તદ્દન અલગ પ્રકારનું લીલી ઈયળ, લશકરી ઈયળ તથા હીરાફુદાની ઈયળોનું સચોટ નિયંત્રણ કરતી એક માત્ર જંતુનાશક છે.
* વેગન છંટકાવ બાદ ઈયળો ૨ કલાકમાંજ ખાવાનું બંધ કરે છે.
* વેગન લાંબા સમય સુધી નિયંત્રણ કરે છે. પરિણામે ઓછો છંટકાવ ખર્ચ આવે છે.
* વેગન આઈ.પી.એમ. તથા આઈ.આર.એમ. ફીટ ઉત્પાદન છે.
* વેગન સારા પરિણામ માટે છંટકાવ દ્રાવણ જથ્થો બરાબર બનાવો, પૂરતુ કવરેજ કરવું તેમજ ભલામણ મુજબની માત્રાનો ઉપયોગ કરવો.

પેકીંગ : ૫૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ




## વેલ ગાર્ડ

બાયો ઓર્ગેનીક, જંતુનાશક

પ્રમાણ : ૧૫૦ થી ૨૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વેલ ગાર્ડ એક આદર્શ જૈવીક કથીરીનાશક તેમજ જંતુનાશક છે.

* વેલ ગાર્ડ કોઈ પણ પાકમાં પાન કથીરી અને થ્રિપ્સ જેવી હઠીલી અને ખતરનાક જીવાતને ખુબજ અસરકારક રીતે નિયંત્રણ કરે છે.

* વેલ ગાર્ડ એક લાંબા ગાળાનું અને ઓછા ખર્ચનું જીવાત નિયંત્રક છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર

## વીન મૅક્સ

બાયોગ ઓર્ગેનીક, જંતુનાશક

પ્રમાણ : ૧૫૦ થી ૨૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીન મૅક્સ બાયો ઓર્ગેનિક ટેક્નોલોજી આધારિત ઉત્તમ પ્રકારનું ઓર્ગેનીક જંતુનાશક છે.

* વીન મૅક્સ સ્પર્શજન્ય તથા જઠરજન્ય પ્રકારની બાયો ઓર્ગેનીક જંતુનાશક દવા છે.

* વીન મૅક્સ બધાજ પ્રકારના ખેતી પાકોમાં આવતી ઈયળોનો સંપૂર્ણ નાશ કરે છે.

* વીન મૅક્સ છંટકાવ બાદ જીવાત ૨ થી ૩ કલાકમાં ખાવાનું બંધ કરી દે છે, અને ત્યાર બાદ ૩ દિવસમાં સંપૂર્ણ નાશ પામે છે.

* વીન મૅક્સ દરેક પાકમાં જેવા કે કપાસ, મગફળી, તુવેર, શાકભાજી, મરચી વગેરેમાં આવતી જીવાતોનું અસરકારક નિયંત્રણ કરે છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર







## ઓલવીન

ટ્રાયકોન્ટાનૉલ ૦.૧% ઈ.ડબ્લ્યૂ., પાક વર્ધક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * ઓલવીન છોડના વિકાસ, ફળ-ફૂલના પોષણ તથા ગુણવત્તા યુક્ત ઉત્પાદનમાં મહત્વનો ભાગ ભજવે છે.

* ઓલવીન છોડના કોષોની સંખ્યા વધારવામાં મદદ થાય છે.

* ઓલવીન છોડમાં જુસ્સો વધારે છે.

* ઓલવીન પ્રકાસંશ્લેષણની ક્રિયાને વેગ આપે છે.

* ઓલવીન નો છંટકાવ બી.ટી. કપાસમાં શરૂઆતની અવસ્થામાં વિકાસ માટે ખુબજ ઉપયોગી છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર

## વી-ઝાઇમ

દરિયાઈ વનસ્પતિક અર્ક, બાયો પ્રોડક્ટ

પ્રમાણ : ૨૦૦ થી ૩૦૦ મીલી પ્રતિ એકર

છંટકાવ નો સમય : પ્રથમ છંટકાવ ૬ થી ૮ પાનની અવસ્થાએ,
બીજો છંટકાવ ફુલ-કળી આવે ત્યારે, ત્રીજો છંટકાવ ફળ બનવાના સમયે.

ફાયદા : * વી-ઝાઇમ છોડમાં પોષકતત્વોનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં મદદરૂપ થાય છે.

* વી-ઝાઇમ ફુલ-ફળોને ખરતા અટકાવે છે.

* વી-ઝાઇમ બી.ટી. જીનની કાર્યક્ષમતામાં વધારો કરે છે.

* વી-ઝાઇમ અધિક ઉપજ અને તારની ગુણવત્તા સુધારે છે.

* વી-ઝાઇમ છંટકાવથી વધુ અને ઝડપી ફળ જન્ય શાખાઓ નિકળે છે.

* વી-ઝાઇમ છોડની વૃદ્ધિ કરે છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર







## વીમ-૯૫

હ્યુમિક એસિડ ૯૫%, બાયો પ્રોડક્ટ

પ્રમાણ : ૪૦ થી ૫૦ ગ્રામ પ્રતિ એકર

છંટકાવ નો સમય : છોડની દરેક અવસ્થામાં છંટકાવ કરી શકાય છે.

ફાયદા : * વીમ-૯૫ મૂળનો ઝડપી વિકાસ કરે છે.

* વીમ-૯૫ ફળ-ફુલની સંખ્યામાં વધારો કરે છે.

* વીમ-૯૫ છોડની નબળાઈ દૂર કરે છે.

* વીમ-૯૫ જમીનની ફળદ્રુપતામાં વધારો કરે.

* વીમ-૯૫ પાકની ઉપજમાં વધારો કરે.

પેકીંગ : ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ




## ક્રોપેક્સ એલ

લીક્વીડ સલ્ફર, બાયો પ્રોક્ટસ

પ્રમાણ : છંટકાવ કરવા માટે ૭૦૦ થી ૧૦૦૦ મીલી પ્રતિ એકર

જમીનમાં આપવા માટે ૧.૫ લીટર થી ૨ લીટર પ્રતિ એકર

ફાયદા : * ક્રોપેક્સ એલ ઉત્તમ ફૂગનાશક તથા કથીરીનાશક છે.
* ક્રોપેક્સ એલ નાઈટ્રોજનના ચયાપચયન માટે ઉપયોગી છે.
* ક્રોપેક્સ એલ ઉત્તમ એન.પી.કે. પછીનું ચોથા ક્રમનું મુખ્ય માઈક્રોન્યુટ્રીએન્ટ છે.
* ક્રોપેક્સ એલ છોડનું પીળાશ પણું દુર કરવા માટે ઉત્તમ છે.

સુસંગતતા : સલ્ફરને અલગથી છંટકાવ કરવો હિતાવહ છે કારણ કે ઘણી વખત જંતુનાશકો સાથે મીશ્રણ થઈ શક્તુ નથી.

પેકીંગ : ૫૦૦ મીલી, ૧ લીટર , ૫ લીટર

## એનટેક

બાયો સ્ટીમ્યુલન્ટ, બાયો પ્રોડક્ટસ

પ્રમાણ : ૭૫ થી ૧૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * એનટેક એ અનોખુ અને અત્યંત અસરકારક એમીનો એસીડ વિટામિન તથા પ્રોટીનનું મિશ્રણ છે.
* એનટેક ફુલોને વધારે છે અને ફુલોને ખરતા અટકાવે છે, ફળની ગુણવત્તા ને સુધારે છે.
* એનટેક ફળ-ફુલની સાઇઝ, આકાર, વજન, રંગ, ચમકની સારી ગુણવતા કરે છે.
* એનટેક વધારે તાપમાન, ભેજ, હીમ, જંતુઓનો પ્રકોપ, પુર તથા દુકાળની સામે છોડની પ્રતિકારક શક્તિ વધારે છે.
* એનટેક થી વધુ માત્રામાં ઉપજ મળે છે.

પેકીંગ : ૫૦ મીલી, ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી







## ટોયો

એલ-સીસ્ટીન એમીનો એસીડ, બાયો પ્રોડક્ટ

પ્રમાણ : ૫૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * ટોયો એક ઉત્સેચક છે જે છોડમાં કાર્બોદીત પદાર્થોનું ઉત્પાદન વધારે છે જેથી છોડના વિકાસની સાથે સાથે ફુલ તથા ફળોનો વિકાસ કરી પાકની વૃદ્ધિ વધારે છે.
* ટોયો પાનના ખરી પડવા ઉપર નિયંત્રણ કરે છે.
* ટોયો કપાસ, મગફળી, ઘઉં, ચોખા, મરચા, જીરૂ, શાકભાજી, દ્રાક્ષ વગેરે પાકો માટે ઉપયોગી છે.
* ટોયો એ બીન ઝેરી છે અને પાણીમાં દ્રાવ્ય છે જેથી બીજી જંતુનાશક દવાઓ સાથે મેળવી વાપરી શકાય છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર

## વી-એમીનોઝ

એમિનો એસીડ, બાયો પ્રોડક્ટ

પ્રમાણ : ૨૫૦ થી ૪૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વી-એમીનોઝ પાકની ગુણવત્તા તથા પાકમાં વધારો કરે છે.
* વી-એમીનોઝ કોઈપણ જાતના હાનિકારક અવશેષો પાક પર છોડનું નથી.
* વી-એમીનોઝ સામાન્ય રીતે જંતુનાશકો, ફુગનાશકો તથા અન્ય પાક વર્ધકો સાથે ભેળવી શકાય છે.
* વી-એમીનોઝ ની ભલામણ કપાસ, શેરડી, ડાંગર, મગફળી, દરેક પ્રકારના શકાભાજી તથા ફળ-ફુલ જેવા પાકોમાં છે.
* વી-એમીનોઝનો વપરાશ છંટકાવ દ્વારા તથા ટપક સીંચાઈ દ્વારા કરી શકાય છે.

પેકીંગ : ૧૦૦ મીલી, ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર







## વિસ્ટીક

સ્ટીકીંગ એજેન્ટ


પ્રમાણ : ૭૦ થી ૧૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વિસ્ટીક જંતુનાશક દવાનો બગાડ થતો અટકાવે છે.
* વિસ્ટીક જંતુનાશક દવાને છોડપર એકસરખી રીતે પ્રસરાવે છે.
* વિસ્ટીક જંતુનાશક તથા ફુગનાશક દવાને છોડની અંદર ઝડપથી શોષવામાં મદદ કરે છે.
* વિસ્ટીક વરસાદના સમયે જંતુનાશકોને તથા ફુગનાશકોને છોડ સાથે સહેલાઈથી ચોટાડવાનું કામ કરે છે.

છંટકાવનો સમય : પાકની કોઈપણ અવસ્થાએ કરી શકાય છે.

સુસંગતતા : જંતુનાશક, ફુગનાશક અને પ્રવાહી ખાતર સાથે મિશ્રણ કરી શકાય છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર




## ટોયો ગ્રેન્યૂઅલ્સ

એલ-સીસ્ટીન એમિનો એસિડ ગ્રેન્યૂઅલ્સ

પ્રમાણ : ૫ કિગ્રા પ્રતિ એકર

ફાયદા : * ટોયો ગ્રેન્યૂઅલ્સ છોડમાં કાર્બોદીત પદાર્થનું ઉત્પાદન વધારે છે.
જેને કારણે છોડમાં વિકાસની સાથે-સાથે ફુલ તથા ફળનો વિકાસ થાય છે.
* ટોયો ગ્રેન્યૂઅલ્સ બી.ટી. કપાસ, ઘઉં, ડાંગર, શેરડી, સોયાબીન, મગફળી,
કઠોળ, શાકભાજી, ફળો તેમજ અન્ય પાકો માટે ઉપયોગી છે.

પેકીંગ : ૫ કિગ્રા

## વી-ઝાઈમ ગ્રન્યૂઅલ્સ

સમુદ્રીય વનસ્પતિ અર્ક, બાયો પ્રોડક્ટ


પ્રમાણ : ૮ થી ૧૬ કીલો પ્રતિ એકર

વાપરવાનો સમય : પાકની વાવણી કર્યા પહેલા પાયમાં આપવું ત્યાર પછી ૨૦ થી ૨૫ દિવસે આપવું.

ફાયદા * વી-ઝાઈમ ગ્રન્યૂઅલ્સ પાકનું ઉત્પાદન વધારે છે તથા ગુણવત્તા સુધારે છે.
* વી-ઝાઈમ ગ્રન્યૂઅલ્સ કોઈપણ ખાતર તથા જંતુનાશક દવા સાથે મિશ્રણ કરી શકાય છે.
* વી-ઝાઈમ ગ્રન્યૂઅલ્સ બીન ઝેરી તથા વાપરવામાં સલામત.
* વી-ઝાઈમ ગ્રન્યૂઅલ્સ રોગ તથા વાતાવરણની પ્રતિકુળ
અસર સામે લડવાની શક્તિમાં વધારો કરે છે.

નોંધ : વી-ઝાઈમ આપ્યા પહેલા અથવા આપ્યા બાદ તુરંત પાણી આપવું અત્યંત જરૂરી છે.

પેકીંગ : ૪ કિલો, ૮ કિલો







## વીસ્ટિન

કાર્બેન્ડઝીમ ૫૦% ડબ્લ્યૂ.પી., ફુગનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * વીસ્ટિન એ બહુ ફલક અને શોષક પ્રકારનું અસરકાર ફુગનાશક છે.
* વીસ્ટિન પાક પર રોગને આવતો અટકાવવામાં, રોગને આગળ વધતો અટકાવવામાં તથા રોગનો નાશ કરવામાં ઉપયોગી છે.
* વીસ્ટિન નો પાક પર છંટકાવ કરવામાં, બીયરણને પટ આપવામાં, ધરૂને ડુબાડીને રોપવામાં, મૂળના રોગો માટે
જમીનમાં રેડવા માટે તેમજ ફળ-ફુલ ઉતારી લીધા બાદ ફળ-ફૂલનું ફુગથી રક્ષણ કરવા માટે પણ ઉપયોગ કરી શકાય છે.
* વીસ્ટિન પાનના ટપકા, મૂળનો સુકારો, થડનો કોહવારો, ભૂકી છારો, કાલવર્ણ જેવા રોગો માટે વાપરવાની ભલામણ છે.
* વીસ્ટિન ઘણા લાંબા સમયથી વપરાતું હોવા છાતાં પણ પ્રતિકાર શક્તિનો વિકાસ જોવા મળતો નથી.

પેકીંગ : ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ

## મેક્સક્લીન

કારબેન્ડઝીમ ૧૨% + મૅન્કોઝેબ ૬૩% ડબ્લ્યૂ.પી., ફુગનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * મેક્સક્લીન સ્પર્શજન્ય તથા શોષક પ્રકારના ફુગનાશકોનું સર્વ શ્રેષ્ઠ સંયોજન.
* મેક્સક્લીન છોડપર વધારે સમય રહે છે અને ઓ સમાન પાનની સપાટી પર ફેલાય છે.
* મેક્સક્લીન વિવીધ ફુગ સામે બહુ ઉપયોગી છે.
* મેક્સક્લીન ઓછી માત્રા તેથી પર્યાવરણ માટે સૂરક્ષીત છે.
* મેક્સક્લીન છોડના સૂકારના રોગના નિયંત્રણ માટે સર્વ શ્રેષ્ઠ છે.
* મેક્સક્લીન સમાન્ય રીતે ઉપયોગમાં લેવાતા જંતુનાશકો સાથે સુસંગત છે.

પેકીંગ : ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કીલો







## ક્રાયથેન એમ-૪૫

મેન્કોઝેબ ૭૫% ડબ્લ્યુ.પી., ફુગનાશક

પ્રમાણ : ૫૦૦ થી ૮૦૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * ક્રાયથેન એમ-૪૫ લસણ, ડુંગળી, મગફળી, કપાસ, જીરૂ,
શાકભાજી તેમજ બાગાયતી પાકોમાં આવતા ફુગજન્ય રોગોનું ત્વરીત નિયંત્રણ કરે છે.
* ક્રાયથેન એમ-૪૫ એ તીવ્ર સ્પર્શજન્ય ફુગનાશક છે.
* ક્રાયથેન એમ-૪૫ મગફળીના ઉગસુકના રોગનું નિયંત્રણ કરે છે.
* ક્રાયથેન એમ-૪૫ ઓછા ખર્ચમાં રોગનું નિયંત્રણ કરે છે.
* ક્રાયથેન એમ-૪૫ વાપરવામાં આવે ત્યારે તે પાકને મેંગેનિઝ તથા જસતની ઉણપ પુરી પાડે છે.
* ક્રાયથેન એમ-૪૫ સર્વ સામાન્ય રીતે વપરાતા જંતુનાશકો સાથે સુસંગત છે.

પેકીંગ : ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કીલો





## વીનટાફ +

હેક્ઝાકોનાઝોલ ૫% એસ.સી., ફુગનાશક

પ્રમાણ : ૨૫૦ થી ૩૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * વીનટાફ + શોષક પ્રકારનું અત્યંત અસરકારક ફુગનાશક છે.
* વીનટાફ + જીરૂ, કેરી, શાકભાજી, કઠોળમાં આવતા ભૂકી છારા, મગફળીમાં આવતા ટીક્કા તેમજ કપાસના પાનનાં ટપકાના રોગને નિયંત્રણ કરે છે.
* વીનટાફ + સંરક્ષણાત્મક અને જડ મૂળથી રોગનો નાશ કરનારૂ ફુગનાશક છે.
* વીનટાફ + ઈ.સી. સંયોજનની સરખામણીમાં પાક માટે ફાયદા કારક છે.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર




## ક્રોપેક્સ

સલ્ફર ૮૦% ડબ્લ્યૂ.ડી.જી., ફુગનાશક

પ્રમાણ : ૪૦૦ થી ૫૦૦ ગ્રામ પ્રતિ એકર

ફાયદા : * ક્રોપેક્સ એક સરખા અતી સૂક્ષ્મકણ વાળૂ તત્કાલ નિયંત્રણ કરતું ફુગનાશક છે.
* ક્રોપેક્સના નાના-નાના કણ જલ્દીથી બાષ્પ બની ફુગની કોષીકામાં પ્રવેશ કરી ફુગનું તત્કાલ નિયંત્રણ કરે છે.
* ક્રોપેક્સના કણોનું વિઘટન ધીમે-ધીમે થતું હોવાથી ફુગ ઉપર લાંબા સમયનું નિયંત્રણ મળે છે.
* ક્રોપેક્સ કપાસના પાકમાં છંટકાવથી કપાસના તારની ગુણવત્તા તથા લંબાઈ વધારવામાં મદદરૂપ થાય છે.
* ક્રોપેક્સ મગફળી, રાયડો, સોયાબીન જેવા તૈલી પાકોમાં છંટકાવ કરવાથી દાણ તથા તેલની માત્રામાં વધારો થાય છે.
* ક્રોપેક્સ અત્યંત સૂક્ષ્મ કણ વાળુ હોવાથી ઉત્તમ સ્પર્શીય કથીરી નાશક ગુણ ધરાવે છે.
* ક્રોપેક્સ ઘઉં તથા ધાન્ય પાકોમાં ડૂંડી નીકળતી અવસ્થાએ છંટકાવ કરવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

પેકીંગ : ૫૦૦ ગ્રામ, ૧ કીલો




## પેન્ડિ ક્લીન

પેન્ડિમિથેલીન ૩૦% ઈ.સી., નિંદામણનાશક

પ્રમાણ : ૮૦૦ મીલી પ્રતિ એકર રેતાળ જમીન માટે, ૧ લીટર પ્રતિ એકર કાળી જમીન માટે

છંટકાવનો સમય : નિંદામણના અંકુર ફુટવાનાં સમયે અથવા તે પહેલા

ફાયદા : * પેન્ડિ ક્લીન ઉપયોગથી પાક અને નિંદામણ વચ્ચે પોષક તત્ત્વો માટે સ્પર્ધા ઉભી થતી નથી કારણ કે નિંદામણોનો ઉગતા પહેલાંજ નાશ થાય છે.
* પેન્ડિ ક્લીન શરૂઆતથીજ નિંદામણોનું નિયંત્રણ કરતું હોવાથી રોગ અને જીવાતો ઓછા થાય છે પરિણામે પાકની તંદુરસ્ત ઉપજ મળે છે.
* પેન્ડિ ક્લીન પાક અને નિંદામણ ઉગતા પહેલા વપરતું હોવાથી પાક માટે એકદમ સુરક્ષીત છે.

પેન્ડિ ક્લીન વાપરવાની રીત : (૧) જમીન ખેડીને સારી રીતે તૈયાર કરો.
(૨) પાના બીજનું વાવેતર કરો.
(૩) પીયત આપો.
(૪) વાવેતર પછી બે દિવસની અંદર જમીન માં ભેજ હોય ત્યારે પેન્ડિ ક્લીન નો છંટકાવ કરો.
(૫) પેન્ડિ ક્લીન ના છંટકાવ માટે હંમેશા ફલેટફેન અથવા ફલડજેટ નોઝલ નો ઉપયોગ કરો.
(૬) એક એકરમાં ૨૦૦ લીટર પાણીનો ઉપયોગ કરો.

પેકીંગ : ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર




## ગ્લાયકેર

ગ્લાયફોસેટ ૪૧% એસ.એલ., નિંદામણનાશક

પ્રમાણ : ૧૦ થી ૧૫ મીલી પ્રતિ ૧ લીટર પાણીમાં અથવા ૧.૫ થી ૨.૨૫ લીટર પ્રતિ એકર

ફાયદા : * ગ્લાયકેર બીન પસંદગીનું ઉગેલા નિંદામણોનો નાશક કરનારૂ નિંદામણનાશક છે.
* ગ્લાયકેર શોષક પ્રકારનું નિંદામણનાશક હોવાથી નિંદામણના છોડમાં શોષાઈ નિંદામણોનો જડ-મૂળ થી નાશ કરે છે.
* ગ્લાયકેર દરેક પ્રકારની લીલી વનસ્પતિનું નિયંત્રણ કરે છે.
* ગ્લાયકેર ધરો તેમજ ચીઢાના નાશક માટે એક ઉત્તમ નિંદામણનાશક છે.
* ગ્લાયકેર નો ઉપયોગ ઉભા પાકમાં પણ કરી શકાય છે પરંતું મુખ્ય પાક પર ગ્લાયકેર નો છંટકાવ ન થાય તેની ખાસ કાળજી લેવી અથવા સાવચેતી માટે હુડનો ઉપયોગ અવશ્ય કરવો.
* ગ્લાયકેર જમીનમાં પડતાંજ નિષ્ક્રિય થઈ જાય છે પરિણામેં જમીન તથા પર્યાવરણ માટે સુરક્ષીત છે.

ગ્લાયકેર વાપરવાની રીત : ગ્લાયકેર એકદમ શુદ્ધ ક્ષાર વગરના ૧૫ લીટર પાણીમાં ૨૨૫ મીલી ઉમેરો.
ત્યાર બાદ વધારે સારા પરીણામ માટે તેમાં ૨૫૦ ગ્રામ એમોનિયમ સલ્ફેટ મિશ્રણ કરો.
આ રીતે તૈયાર થયેલા ગ્લાયકેરના દ્રાવણનો બધાજ પ્રકારના લીલાછમ અવસ્થાના નિંદામણોપર છંટકાવ કરવો.

પેકીંગ : ૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર

## ઇટીલા

પ્રિટિલાક્લોર ૫૦% ઈ.સી., નિંદામણનાશક

પ્રમાણ : ૫૦૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * ઇટીલા એ નિંદામણોને ઉગતા પહેલાંજ નિયંત્રણ કરતું ડાંગરના પાક માટેનું પસંદગીનું નિંદામણનાશક છે.
* ઇટીલા એ ડાંગરના પાકમાં થતા પહોળા પાન વાળા તથા સાંકડા પાન વાળા વર્ગના નિંદામણોનું ઉગતા સમયે જ નિયંત્રણ કરે છે.
* ઇટીલા એ વપરાશ પછી ૩૦ થી ૪૫ દિવસ જેટલા લાંબા સમય સુધી નિંદામણનું નિયંત્રણ કરે છે.
* ઇટીલા માં રહેલ સક્રિય તત્ત્વ નો ડાંગર સંશોધન કેન્દ્રો દ્વારા ભલામણ થયેલ છે.




ઇટીલા વાપરાવની રીત : ડાંગરની ફેર રોપની કર્યાના ૩ થી ૪ દિવસની અંદર ક્યારીમાં સપ્રમાણ સ્થિર પાણી ભરેલુ હોય ત્યારે ફલેટફેન અથવા ફલડઝેટ નોઝલ થી છંટકાવ કરવો.
છંટકાવ કર્યા બાદ ૨ થી ૩ દિવસ નવુ પાણી ક્યારીમાં ઉમેરવું નહી.
અથવા ડાંગરની ફેર રોપની કર્યાના ૩ થી ૪ દિવસની અંદર ક્યારીમાં સપ્રમાણ સ્થિર પાણી ભરેલુ હોય ત્યારે ૩૦ કિલો રેતીમાં ઉપરોક્ત પ્રમાણ મુજબ ઈટીલા ભેળવી એક સરખી રીતે ક્યારીમાં પુંખવું.

પેકીંગ : ૫૦૦ મીલી, ૧ લીટર




## ક્રેઝીલ

પેરાક્વેટડાક્લોરાઇડ ૨૪% એસ.એલ., નિંદામણનાશક

પ્રમાણ : ૫ મીલી પ્રતિ લીટર પાણી અથવા ૭૫૦ મીલી પ્રતિ એકર

ફાયદા : * ક્રેઝીલ બધાજ પ્રકારના નિંદામણોનું વિશ્વાસ સાથે ઝડપી નિયંત્રણ કરે છે.
* ક્રેઝીલ સ્પર્શ ક્રિયા દ્વારા નિંદામણોને મારતું બીન પસંદગી યુક્ત નિંદામણનાશક છે.
* ક્રેઝીલ નિંદમણો ઉપર છંટકાવના થોડી મિનીટોમાંજ અસર શરૂ કરે છે.
* ક્રેઝીલ ઝડપી દાખલ થવાની ક્રિયાના કારણે વરસાદથી ધોવાઈ જતું નથી.
* ક્રેઝીલ જમીન માટે બીલકુલ સલામત છે તથા જમીનમાં પડતાજ તે નિષ્ક્રિય થઈ જાય છે પરિણામે પાણી અને પર્યાવરણ બન્ને માટે પણ સુરક્ષીત છે.
* ક્રેઝીલ નો છંટકાવ બીજમાંથી નીકળતા નિંદામણો ૩ થી ૪ પાનના થાય તે અવસ્થાએ કરવાથી શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય છે.
* ક્રેઝીલ ઉભા પાકોમાં પાક ઉપર ન પડે તે રીતે હુડથી છંટકાવ કરી નિંદામણ નિયંત્રણ કરવા માટે શ્રેષ્ઠ છે.

પેકીંગ : ૫૦૦ મીલી, ૧ લીટર, ૫ લીટર

નોંધ : રોગ જીવાત, નિંદણોની માત્રા, પાકની અવસ્થા, વાતાવરણની પરિસ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખીને વિવિધ ઉત્પાદનો માટે નિર્દેશ કરેલી માત્રામાં પરિવર્તન થઈ શકે છે.
કાનૂની ચેતવણી : આ ઉત્પાદનનો ઉપયોગ અમારા કાબુ બહારનો હોવાથી ઉત્પાદનની એકસરખી ગુણવત્તા સિવાય અમો કોઈપણ પ્રકારની જવાબદારી લઈ શક્તા નથી.




# VIMAX CROP SCIENCE LIMITED

D-87, Kuvadva GIDC, Nr. National Highway 8-B,
RAJKOT - 360 003. GUJARAT (INDIA)

www.vimaxcropscience.com • Email- info@vimaxcropscience.com • Customer Care No : +91 99255 11166

## વિમેક્સ ક્રોપ સાયન્સ લીમીટેડ

ડી-૮૭, કુવાડવા જી.આઈ.ડી.સી., નૅશનલ હાઈવે ૮-બી પાસે, રાજકોટ -૩૬૦ ૦૦૩. ગુજરાત (ઇન્ડિયા)